# 71

## ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં ડીસેલીનેશન પ્લાન્ટ બાબત

***15/4/2526 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર):** માનનીય **પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાનું ખારૂ પાણી મીઠું બનાવી પીવાનું પાણી પુરૂ પાડવા માટે ડીસેલીનેશન પ્લાન્ટ ક્યા સ્થળે સ્થાપવામાં આવ્યા છે, | (૧) | તા.૩૧–૦૧–૨૦૨૪ ની સ્થિતિએ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાનુ ખારૂ પાણી મીઠું બનાવી પીવાનુ પાણી પુરૂ પાડવા માટે ૪ સ્થળોએ કુલ ૪ સી વોટર ડી–સેલીનેશન પ્લાન્ટ સ્થાપવામાં આવી રહેલ છે.<br>I. દેવભૂમી દ્વારકા જીલ્લાના ગાંધવી ગામે ૭૦ એમ.એલ.ડી ક્ષમતાનો ડીસેલીનેશન પ્લાન્ટ<br>II. ભાવનગર જીલ્લાના નવા રતનપર ગામે ૭૦ એમ.એલ.ડી ક્ષમતાનો ડીસેલીનેશન પ્લાન્ટ<br>III. કચ્છ જીલ્લાના માંડવી તાલુકાના ગુંદ્વીયાલી ગામે ૧૦૦ એમ.એલ.ડી ક્ષમતાનો ડીસેલીનેશન પ્લાન્ટ<br>IV. ગીર સોમનાથ જીલ્લાના સુત્રાપાડા તાલુકાના વડોદરા ઝાલા ગામે ૩૦ એમ.એલ.ડી ક્ષમતાનો ડીસેલીનેશન પ્લાન્ટ |
| (૨) | ઉક્ત સ્થિતિએ કેટલા પ્લાન્ટ કાર્યરત છે, કેટલા કાર્યરત કરવાના બાકી છે, અને | (૨) | ઉક્ત સ્થિતિએ કોઇ પ્લાન્ટ કાર્યરત નથી, હાલ તમામ ડીસેલીનેશન પ્લાન્ટની કામગીરી પ્રગતિમાં છે. |
| (૩) | છેલ્લા બે વર્ષમાં કાર્યરત પ્લાન્ટમાંથી કેટલા લીટર દરિયાનું ખારૂ પાણી પીવાલાયક બનાવવામાં આવ્યું ? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તમામ પ્લાન્ટની કામગીરી હાલ પ્રગતિમાં છે. |

-----------------------------------